Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય–પરિચય.


૧ જિન વંદન ... ( શા બાબુલાલ પાનાચંદ ) ... ... ૧૯૫
૨ બાંતોકી કસોટી ... ( વેલચંદ ધનજી ) ... ... ... ૧૯૬
૩ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ( અનુવાદ ) ... ... ... ૧૯૭
૪ શ્રવણ અને સંસ્મણ ... ( રા. સુશીલ ) ... ... ... ૨૦૧
૫ શ્રાવકાચાર ... ... ... ... ... ... ૨૧૦
૬ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. (નરોતમદાસ. બી. શાહ. ) ૨૧૨
૭ તપ. ... ... [ રા. ચોકસી ] ... ... ... ૨૧૩
૮ સેવાના સન્માન. ... ... ... ... ... ... ૨૧૫
૯ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ અને સ્મારક સંબંધી
થયેલ ગોઠવણ. ... ... ... ... ... ૨૧૯
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ટાઈટલ પેજ ૩


---


ઘણી થોડી નકલો છે, જલદી મંગાવો...જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪)

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ ગ્રંથ** કે જે આગળ અન્ય તરફથી બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક તાડપત્રીય અને બીજી અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરી પ્રમાણિકપણે સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતાંમ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે. પ્રસ્તાવના ગુજરાતીમાં એટલા માટે આપેલ છે કે સર્વ કોઇ આ કર્મગ્રંથનું સ્વરૂપ, મહત્વ, ગ્રંથપરિચય, કર્મવિષય સાહિત્યની ઓળખ, ગ્રંથકારોનો પરિચય પરિવાર; ગ્રંથરચના, પ્રતિઓનો પરિચય વિગેરે જાણી શકે, જેથી ગુજરાતી ભાષાનાં જાણ અને આ કર્મવિષયક ગ્રંથનું મહત્વ જાણવા જીજ્ઞાસુઓ માટે સંપાદક મહાપુરૂષોએ અતિ ઉપકાર કર્યો છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સ્હાય થએલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

—:લખો:—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય (કામ-ક્રોધાદિ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. चैत्र आत्म सं. ३९. { अंक ९ मो.

## જિન-વન્દન.

(ચાલ—વીર જયંતિ આ....જ)

વંદન કરૂં આ....જ, પ્રભુજી વંદન કરૂં આજ;
સમતા ધારી શાન્તિના સાગર,
અહિંસા શસ્ત્ર લી....ધ, પ્રભુજી વંદન કરૂં આજ. વંદન૦
સંયમ ધારી કર્મ હઠાયા,
મોક્ષનો માર્ગ લી....ધ, પ્રભુજી વંદન કરૂં આજ. વંદન૦
દાસ બાબુ અરજ કરત,
સ્નેહ દ્રષ્ટિ રા....ખ, પ્રભુજી વંદન કરૂં આજ. વંદન૦

શાહ બાબુલાલ પાનાચંદ (નડોદકર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આંતોકી કસોટી.

(૧)

પ્રભુ ! મમ જનમ-મરણ કી બાતા,.... .... .... ....પ્રભુ.
સમજાય ન જગ ત્રય ત્રાતા !.... .... .... .... ....પ્રભુ.

(૨)

ક્યાંથી આવ્યો, ક્યાંહિ જવાનો, કોણ હું, અહીં આ ક્યાંથી ?
વિધવિધતા વ્યાપક આ વિશ્વે, સમજાયે એ શ્યાથી ? પ્રભુ.

(૩)

સુખ-દુઃખ આનંદ-શોક અને, સંયોગ-વિયોગ સદાહિ !
પલટે છે એ સર્વ પલકમાં, નોટીસ જેહની નાંહિ ! પ્રભુ.

(૪)

ભ્રમિત અનુભવ કડવો-મીઠો, થાય વિષમતા સાથે;
આત્મા-મન ને ઇન્દ્રિય સર્વે, કયમ સમજે સંગાથે ? પ્રભુ.

(૫)

શબ્દાદિક ક્રિયા આ ચાલુ, અતિ આશ્ચર્ય જ એમાં;
કોણ નિયામક સમજાયે ના ! મુંઝાણું જગ તેમાં. પ્રભુ.

(૬)

બહિરાતમ ને અન્તર આતમ, પરમાતમ પદ પ્રેમે;
સમજાવે સઘળા દર્શન પણ, મેળ ન કો વિધ નેમે. પ્રભુ.

(૭)

કઠિન કોયડો કોણ ઉકેલે, અનુભવી વિણ ખલકમાં ?
ભેટાડો ભવસિન્ધુ તારક ! શાન્તિ સમર્પે પલકમાં. પ્રભુ.

(૮)

શ્રુત અને કૈવલ્ય જ્ઞાન બિચ, અનુભવ જ્યોતિ ઝળકે;
તિમિર માત્રનો ધ્વંસ કરીને, પૂર્ણચંદ્ર સમ ચળકે. પ્રભુ.

( વેલચંદ ધનજી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## સૃષ્ટિકર્તૃત્વવાદ

( ગતાંક પૃષ્ઠ ૧૭૫ થી શરૂ. )

કુદરતનું કાર્ય આકસ્મિક રીતે નિયમીત અને વ્યવસ્થિત સ્વરૂપમાં ચાલતું હોય તો કોઇ પણ વસ્તુનું ભાવિ કથન અશક્ય થઇ પડે, જીવનમાં કોઇ પણ પ્રકારનો રસ કે આનંદ ન રહે, જીવન દુઃખથી ઓતપ્રોત થઈ જાય, સત્ય જ્ઞાનની વૃત્તિનો વિનાશ સંભાવ્ય થઇ પડે.

કુદરતમાં અકસ્મિક ઘટનાઓને પ્રધાન સ્થાન અપાય તો હેલીના ધૂમકેતુના ભાવિ પુનરાગમનનું ભવિષ્ય કથન સાચું પડે? સૃષ્ટિનો ક્ષણ માત્રમાં વિનાશ ન થાય? તાત્પર્ય એ કે કુદરતમાં આકસ્મિક ઘટનાઓને નિયમીતતાનું કારણ ગણવાથી એ ભારે દુઃખાસ્પદ થઈ પડે છે. આકસ્મિક ઘટનાનું મંતવ્ય આ રીતે તદ્દન અયુક્ત છે. આકસ્મિક ઘટનાના સંપૂર્ણ અસ્વીકારથી કોઇ નિયામક દેવનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી, કુદરતના નિયમીત કાર્યમાં કોઇનો પણ જરાએ હસ્તક્ષેપ સંભવિત નથી, એવી માન્યતાથી જ કુદરતના નિયમોની એકરૂપતા અને નિયમીતતા સ્થાપિત થઇ શકે છે. કુદરતના નિયમો માનુષિક નિયમો કે આજ્ઞાઓ જેવા પરિવર્તનશીલ નથી. કુદરતના નિયમો દ્રવ્યના ગુણો ઉપર નિર્ભર છે. એ નિયમોમાં કોઈથી અનુચિત હસ્તક્ષેપ કદાપિ થઇ શકતો નથી.

આકસ્મિક ઘટના એટલે કોઈ અધર્મી કે મનસ્વી ઉપસ્થિતિ એમ પણ કહી શકાય નહિ. આકસ્મિક ઘટના એટલે જેમાં પરકીય હસ્તક્ષેપ ન હોય તેવી ઘટના. હેકલ આ સંબંધમાં કહે છે કેઃ—

"સૃષ્ટિમાં સંપૂર્ણ વ્યવસ્થા છે. અને સૃષ્ટિનું પ્રત્યેક કાર્ય ઉદ્દેશ યુક્ત છે એવો કેટલાક તત્ત્વજ્ઞાનીઓનો મત છે. આકસ્મિક ઘટનાઓ આ પ્રકારના તત્ત્વજ્ઞાનીઓને અસ્વીકાર્ય છે. બીજા કેટલાક તત્ત્વજ્ઞાનીઓ એવા છે જેમને સૃષ્ટિના વિકાસમાં કોઇ પણ ઉદ્દેશ દ્રષ્ટિગોચર થતો નથી. કેટલાક વિચારકોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૃષ્ટિમાં કોઇ નિયામક તત્ત્વ જેવું દેખાતું નથી. તેમને બધું આકસ્મિક ઘટના રૂપ જ લાગે છે. કારકત્વના સામાન્ય નિયમ અને દ્રવ્યના નિયમનો વિચાર કરતાં આકસ્મિક ઘટના જેવું સૃષ્ટિમાં કશુંએ નથી, એમ કહી શકાય.”

ઇશ્વરકર્તૃત્વવાદી તત્ત્વચિંતકોના આક્રમણથી હેકલનું રક્ષણ કરવાના ઉદ્દેશથી મી. જોસફ મેક કેઇબે આકસ્મિક ઘટનાના મંતવ્ય અને ઇશ્વરકર્તૃત્વવાદ વચ્ચેના કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે. મી. મેક કેઇબના એ મુદ્દાઓ નીચે પ્રમાણે છેઃ—

“હેકલ અને તેના મતવાલા તત્ત્વચિંતકોની માન્યતા અનુસાર, સૃષ્ટિનો વિકાસ એક આકસ્મિક ઘટના નથી. સૃષ્ટિના વિકાસનો એકજ માર્ગ છે, એ માર્ગ આકસ્મિક હોઇ શકે નહિં, સૃષ્ટિનો અંતીમ ઉદ્દેશ પ્રથમથી જ સુનિશ્ચિત હોવો જોઇએ એમ અધ્યાત્મવાદીઓ માને છે. કુદરતનાં તત્ત્વો યથાયોગ્ય નિયમને કારણે અમુક નિશ્ચિત દશામાં દ્રઢતાથી કામ કર્યે જાય છે, તત્ત્વોને માર્ગદર્શનની જરૂર નથી, એમ અદ્વૈતવાદીઓ માને છે. તત્વોની કાર્ય દિશા એકજ છે, એવો પણ અદ્વૈતવાદીઓનો મત છે, આ એક મહત્ત્વનો અને સ્પષ્ટ મુદ્દો છે.”

આકસ્મિક ઘટનાના મંતવ્યના સંબંધમાં આ એક સત્યયુક્ત વિવરણ છે. ઇશ્વરકર્તૃત્વાદનાં મંતવ્યમાં અનેક અસત્યો અને આશંકાઓ ઉદ્ભવે છે. જડ વસ્તુમાંથી ચેતનનો પ્રાદુર્ભાવ કદાપિ થઇ શકે નહિં. આ સંબંધમાં બટલર નામે ધર્માધ્યક્ષે એક ભાષણમાં ઉચ્ચારેલા નીચેના વિચારો અત્યંત મનનીય છે.

“આપણું મસ્તિષ્ક જડ વસ્તુઓના પરમાણુઓથી બનેલું છે, એમ મનાય છે. એ પરમાણુઓની વિવિધ ક્રિયાથી વિચાર, જ્ઞાન આદિની નિષ્પત્તિ, કેમ થઇ શકે એ તમે જોઈ શકો છો ? એની કલ્પના કરી શકો છો ? એનો સ્વપ્નમાં પણ ખ્યાલ આવી શકે છે ? અણુઓની ક્રિયા અને ચેતન કાર્ય વચ્ચે તાર્કિક અવિચ્છિન્નતા શું છે ? તે સમજવાનો પ્રયત્ન કરવામાં તમને કદાપિ સંતોષ થઇ શકશે નહિં.”

ભૌતિક પદાર્થોમાં ચેતન અંતર્ગત કરવાથી સૃષ્ટિ વિષયક પ્રશ્નને અંગે ટીન્ડેલનાં મનનું સમાધાન ન જ થઇ શક્યું. ટીન્ડેલે જડ વસ્તુમાં ચેતનને સમાવિષ્ટ કરતાં નીચે પ્રમાણે પોતાના વિચારો વ્યક્ત કર્યા છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" **ડેમોક્રીટસે** ભૌતિક દ્રવ્યની જે વ્યાખ્યા આપી છે અને જડ વસ્તુના સંબંધમાં જે વ્યાખ્યાનો હજારો વર્ષ થયાં સ્વીકાર થતો આવ્યો છે તે વ્યાખ્યાને જ વળગી રહીએ તો ભૌતિક વસ્તુમાંથી ચેતનનો પ્રાદુર્ભાવ કેમ થઇ શકે ? તેનો ચિત્તને પ્રતિભાસ થઇ શકે નહિ. **બીશપ બટલરે** પોતાનાં ભાષણમાં મનનીય મુદ્દાઓ રજુ કરીને જડવાદને છુંદી નાખ્યો છે. ભૌતિક વસ્તુમાં ચેતનને જેઓ અંતર્ગત ગણતા નથી તેઓ ભૌતિક દ્રવ્ય અને ચેતન સંબંધી સામાન્ય જ્ઞાન ધરાવે છે એમ કહી શકાય. ભૌતિક વસ્તુઓનું જેમને સંપૂર્ણ જ્ઞાન ન હોય તેઓ ભૌતિક વસ્તુઓ અને ચેતન વિષે યથાર્થ નિરૂપણ ન જ કરી શકે. ભૌતિક દ્રવ્ય ન હોય તો જીવન સંભવી શકે ? ભૌતિક દ્રવ્યના અસ્તિત્વ વિના જીવન કયાં ટકી શકે ? તાત્પર્ય એ કે ભૌતિક દ્રવ્ય અને ચેતન અવિચ્છિન્ન રીતે સંલગ્ન છે. ભૌતિક દ્રવ્યનો ચિત્ત ઉપર પણ આશ્ચર્યજનક પ્રભાવ પડે છે. આપણી મનોદશા આપણા આહાર આદિને અનુરૂપ હોય છે. " *

ખરી વાત એ છે કે–ચેતન અને ભૌતિક પદાર્થો સર્વથા અભિન્ન છે. બન્નેના ગુણો અને કાર્ય એક–બીજાથી સાવ નિરાળાં છે. ભૌતિક પદાર્થનું કાર્ય ચેતનથી થઈ શકતું નથી. ચેતનનું કાર્ય ભૌતિક પદાર્થથી અશકય થઇ પડે છે.

આંતરિક ઉત્તેજના એ વિવિધ રૂપાન્તરોનું વાસ્તવિક કારણ છે. આત્મા આંતરિક ઉત્તેજન ભાવનું નિષ્પત્તિ સ્થાન છે. સર્વ પ્રકારની ઉત્તેજના આત્મામાંથી જ પરિણમે છે. બર્ગસનનો મત એવો છે કે–ચેતનનાં વિશિષ્ટ સ્વરૂપને કારણે વિલક્ષણ પ્રકારનો ઉત્તેજના ભાવ પ્રદીપ્ત થાય છે. આ પ્રકારની ઉત્તેજના વૃત્તિ એ રૂપાન્તર આદિનું પ્રધાન કારણ છે. તત્ત્વોની વૃદ્ધિ અને સંસર્ગથી જીવનની નિષ્પત્તિ નથી થતી એવો **બર્ગસનનો** સ્પષ્ટ મત છે. +

જીવન તત્ત્વનો પૂર્વથી સ્વીકાર કર્યા વિના વિશ્વના પ્રશ્નનું યથાયોગ્ય સમાધાન સર્વથા અશકય છે. ભૌતિક દ્રવ્યમાંથી ભૌતિક પદાર્થો જ બની શકે. ભૌતિક દ્રવ્યમાંથી ચેતનની સંભાવના શકય નથી.

---

* 'Fragments of science.' Vol. II.

+ 'Creative Evolution.' pp. 93 to 101.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા સ્વયમેવ એક દ્રવ્ય છે.+ આત્મદ્રવ્ય એ ચેતનાનું તુલ્યાર્થક છે. આત્મદ્રવ્ય કે ચેતનાનું સ્થાન જગતમાં કોઈથી લઈ શકાય તેમ નથી. ચેતના વિના સ્મૃતિ, નિરીક્ષણશક્તિ આદિનું અસ્તિત્વ અશક્ય છે. જડવાદીઓ સ્મૃતિ, નિરીક્ષણશક્તિ આદિનું મૂળ અન્યત્ર ( ચેતનાથી પર ) પ્રાપ્ત કરવા માટે ઘણુંયે મથે છે; પણ હેકલ વિગેરે તત્ત્વજ્ઞાનીઓની જેમ તેમને આ દિશામાં નિરાશા જ પ્રાપ્ત થઇ હોય એમ લાગે છે.

જડવાદીઓ ચેતનાનાં અસ્તિત્વનો સંપૂર્ણ અસ્વીકાર ભાગ્યે જ કરે છે;* પણ ચેતના એટલે આત્મા રૂપે શાશ્વત અસ્તિત્વ એ મંતવ્યથી તેમને અત્યંત ક્ષોભ થાય છે. ચેતના વિષયક આ મંતવ્ય તેમને બીલકુલ રૂચતું નથી. આથી આત્માનું શાશ્વત અસ્તિત્વ ન હોય એ બતાવવા નિમિત્તે તેઓ પોતાના વિચારોનો પુરસ્કાર કરે છે. અહંભાવનાં અંતરજ્ઞાનનું દ્રષ્ટાન્ત અવારનવાર રજુ કરી આત્માના શાશ્વત અસ્તિત્વના સિદ્ધાન્તનો વિરોધ કરે છે. અહંભાવ–વ્યકિતત્વભાવનું સ્વરૂપ બાલ્યકાળથી વૃદ્ધાવસ્થા પર્યંત પ્રાયઃ ભિન્ન ભિન્ન હોય છે, એવો મત વ્યકત કરી આત્માનાં શાશ્વત અસ્તિત્વનો પ્રત્યક્ષ રીતે નિષેધ કરે છે.

---

+ 'આત્મદ્રવ્ય' એ શબ્દમાં ભૌતિક વસ્તુનો અંતર્ભાવ સ્વલ્પાંશે પણ સંભાવ્ય નથી. દ્રવ્ય એટલે સર્વ ઘટનાનું પ્રધાન અને ચિરસ્થાયી કારણ એવો દ્રવ્યના સંબંધમાં તાત્ત્વિક મત છે. દ્રવ્યના કારણભૂત ગુણોથી અસ્તિત્વનું અંતર્જ્ઞાન થાય છે ( The Imperial Dictionary ), આ રીતે વિચારતાં દરેક અસ્તિત્વયુક્ત વસ્તુ દ્રવ્ય છે એમ કહી શકાય. આત્મા તેમજ ભૌતિક પદાર્થો એ બન્ને દ્રવ્યો છે. આત્મા અને ભૌતિક પદાર્થોના ગુણો વિભિન્ન હોવાથી બન્નેનું સ્વરૂપ પણ ભિન્ન પ્રકારનું છે એ સુવિદિત છે.

અરેબીક 'વજુદ' શબ્દનો અર્થ 'અસ્તિત્વ' થાય છે. એ શબ્દ એવો છે કે તેથી 'દ્રવ્ય' નો સંપૂર્ણ ભાવ આવી શક્તો નથી. દ્રવ્યનાં સ્વરૂપો પરિવર્ત્તનશીલ છે. કોઇ પણ વસ્તુનાં આસ્તત્વથી તેનો સાક્ષાત્કાર થઈ શકે છે.

* ચેતનાનાં અસ્તિત્વનો અસ્વીકાર વાસ્તવિક રીતે કોઇથી પણ થઇ શકે નાહ. સત્યનું તાત્ત્વિક અન્વીક્ષણ કરનારને 'જ્ઞાતા' નો સ્વીકાર તો કરવોજ પડે છે. જ્ઞાતા એટલે વિચારકર્તા. જ્ઞાતાનું અસ્તિત્વ એ સ્વયંસિદ્ધ સત્ય વસ્તુ છે. જ્ઞાતાનાં અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના સત્યની પ્રાપ્તિમાં સ્વલ્પ પ્રગતિ પણ અશક્ય છે. જો જ્ઞાતા ન હોય તો જાણે–વિચારે કોણ ? આથી જ **શ્રીમદ્ શંકરાચાર્યે** યથાર્થ કહ્યું છે કેઃ—

" આત્મા સ્વયંસિદ્ધ છે. આત્માનું અસ્તિત્વ એ કોઇ આકસ્મિક ઘટના નથી. આત્માનાં અસ્તિત્વનાં પ્રમાણોથી આત્મા સિદ્ધ કરવો એ સર્વથા અયુક્ત છે. આત્માની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંસ્મરણ

## આયાગપટ્ટ.

### ( સ્વ૦ રાખાલદાસ બૅનરજીના એક લેખના આધારે )

અંગ્રેજી–રાજ્યની શરૂઆતમાં, અંગ્રેજ પંડિતો અને બીજા યુરોપીય વિદ્વાનોએ સંસ્કૃત, પાલી તથા પ્રાકૃત સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે પહેલ-વહેલા એમનું લક્ષ પાલી ભાષામાં લખાયેલ બૌદ્ધ સાહિત્ય તરફ ગયું. એમણે પ્રારંભમાં જે કંઇ વાંચ્યું કે સાંભળ્યું તેને જ એક માત્ર નિશ્ચિત સત્ય માની લીધું. સિંહલમાં અને શ્યામ દેશમાં એમને કહેવામાં આવ્યું કે બધા ધર્મોમાં બૌદ્ધ ધર્મ વિશેષ પ્રાચીન છે. ગૌતમ બુદ્ધની હૈયાતીમાં એક નિર્ગ્રન્થ જ્ઞાતૃપુત્ર ( નાતપુત્ર ) નામના ઉપદેશક હતા અને એમણે જ જૈનધર્મનો પાયો નાખ્યો. એ પંડિતોને એમ પણ કહેવામાં આવ્યું કે ગૌતમ બુદ્ધની પહેલાં બીજા સાત બુદ્ધ થઈ ગયા છે, એટલે કે જૈન ધમ કરતા પણ બૌદ્ધ ધર્મ પ્રાચીન છે. વળી બૌદ્ધ મૂર્તિઓ અને જૈન મૂર્તિઓ વચ્ચે એટલું મળતાપણું હતું કે પાશ્ચાત્ય પંડિ-તોએ જૈન પ્રતિમાઓને પણ બૌદ્ધ પ્રતિમાઓ માની લીધી. જૈન મૂર્તિઓને બૌદ્ધ મૂર્તિઓની એક શાખા ગણી. છેલ્લા દોઢસો–બસો વર્ષમાં ઘણી નવી હકીકતો બ્હાર આવાવા પામી છે. જૈન ધર્મનો આધારભૂત ઇતિહાસ પણ ઉકેલાવા માંડયો છે. હવે બૌદ્ધધર્મની સરખામણીમાં જૈનધર્મ કેટલો જુનો છે, ઘણા જુના વખતમાં જ્યારે બૌદ્ધધર્મ હજી ઘડાતો હતો ત્યારે જૈનધર્મ કેવા

---

સ્થાપના સ્વયંસિદ્ધ છે. એની સ્થાપના સ્વયમેવ થાય છે. આત્મા એ તત્ત્વસાર છે. એનો અસ્વીકાર કોઇથી ન જ થઈ શકે."

કોઇ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સ્વકીય જ્ઞાન પ્રથમ આવશ્યક થઇ પડે છે. આથી જ કોઇ સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞાનીએ યથાર્થ કહ્યું છે કે:—

"હું વિચાર કરૂં છું ( કરી શકું છું ) તેથી હું છું જ ( મારૂં અસ્તિત્વ છે જ )."

"હું છું ( મારૂં અસ્તિત્વ છે ) અને તેથી વિચાર કરી શકું છું." એવું **મેકસ-મુલરનું** કથન પણ અત્યંત વિચારણીય છે. કોઇ પણ પ્રકારનાં અસ્તિત્વ વિના વિચારણા શકય નથી. આત્માનાં અસ્તિત્વનો પ્રશ્ન બુદ્ધિ રહિત અને અતાર્કિક છે, એવો પ્રશ્ન કરવો એટલે આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર કરવા બરાબર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપમાં હતો અને છેલ્લા અઢી હજાર વર્ષનાં ગાળામાં એ જૈનધર્મ કેવું સ્વરૂપ પામ્યો તે આપણે જોઇ શકીએ છીએ.

એ વખતે જૈનધર્મ ઘણો રક્ષણશીલ હતો. એમાં પરિવર્તનનાં લક્ષણો નહીં જેવાં જ છે. એટલે વિદેશી જાતિ અથવા નૂતન જાતિએ એ ધર્મનો બહુ ઓછો આશ્રય લીધો હશે, એટલું છતાં એ જૈન ધર્મ ક્ષત્રિયોનો ધર્મ હતો, બ્રાહ્મણોનો એની સામે સખ્ત વિરોધ હતો. છેલ્લા અઢી હજાર વર્ષ દરમિયાન એ જો ટકી રહ્યો હોય તો એનું કારણ એની રક્ષણશીલતા જ છે. બે–અઢી હજાર વર્ષના લાંબા ગાળામાં કેટકેટલા યવનો, ગ્રીક, પારસી, શક, કુશાન, હુણ, ગુર્જર, આરબ, તાજિક આવ્યા–સેંકડો વિદેશી જાતિઓના હુમલા આવ્યા અને પાછા આ ને આ દેશમાં જ રહી ગયા. એમણે પોતાના પુરાતન ધર્મ તજી હિંદુ અથવા બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો અને ભારતવર્ષની પ્રજા તરીકે ઓળખાવાનું પસંદ કર્યું. આજે જો તમો ભારતવર્ષના આદિનિવાસી કોણ અને પાછળથી આવી વસનારા કોણ એનો નિર્ણય કરવા બેસો તો તમે એક મ્હોટો ગોટાળો ઉભો કરો એવી સ્થિતિ દેખાય છે; છતાં ભારતવર્ષના ઇતિહાસમાં એ પ્રશ્નનું નિરાકરણ તો થવું જ જોઇએ એમ વિદ્વાનો કહે છે. એક-બે પંડિતો એટલે સુધી કહેવા તૈયાર છે કે ભારતવર્ષમાં જેટજેટલા ધર્મો જન્મ્યા છે તેમાં જૈન ધર્મ ભલે સૌથી વધુમાં વધુ પ્રાચીન ન હોય, પરંતુ ભારતવર્ષનો એક અતિ પ્રાચીન ધર્મ છે એ નિર્વિવાદ વાત છે. આપણે જેને વૈદિક આર્યધર્મ કહીએ છીએ તે તો જૈન ધર્મની સાથે સરખાવતાં ઘણા નાના બાળક જેવો દેખાય છે. ધર્મની દ્રષ્ટિએ એ છેક નવીન છે અને વૈદિક ધર્મનું તો દર્શન જ નથી એમ કહીએ તો પણ ચાલે. જૈન–દર્શન–વાદીઓની તુલનામાં શંકર જેવા આર્ય–દર્શન–વાદી નવીન જ ગણાય.

ઇસુના જન્મ પહેલાં પ્રાયઃ હજાર વર્ષ પૂર્વે જૈન ધર્મ પ્રતિષ્ઠિત થઈ ચૂકયો હતો. જૈન દાર્શનિકોએ મનુષ્યની શક્તિનાં મૂલ્ય બરાબર આંકી લીધાં હતાં. મનુષ્ય-જાતિ બીજી બધી રીતે સમાન હોવા છતાં આંતરિક વીર્યના પ્રભાવે મનુષ્ય મહાન્ બની શકે છે, એ જ પ્રમાણે મનુષ્ય અધઃપાત તરફ પણ વળે છે, એ સિદ્ધાંત એમણે સ્થાપ્યો હતો. એક માણસ બીજા માણસ કરતાં વધુ વિજયી બને છે, એક માણસ ક્રમે ક્રમે દેવતાની કોટીએ પહોંચે છે એનું કારણ મનુષ્યની આંતરિક શક્તિનો વિકાસ જ છે; અને એને લીધે જ મનુષ્યની અંદર કેટલાક ભેદ પડે છે એ વાત એમણે બતાવી આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મના આરાધ્ય દેવ જેમને તીર્થંકર કહેવામાં આવે છે તે પણ મનુષ્ય જ હતા અને એમાંથી કોઈએ બ્રાહ્મણ વંશમાં જન્મ ન્હોતો લીધો. વેદકર્તાએ જે એવો દાવો કર્યો હતો કે બ્રાહ્મણ વંશમાં જન્મેલા જ ગુરુપદના અધિકારી થઇ શકે તે દાવાનો સૌ પહેલાં જૈનોએ ખુલ્લે ખુલ્લી રીતે ઇન્કાર કર્યો. ઉપાસ્ય દેવતા દેવ કોટીના જ હોઇ શકે એમ જે કહેવામાં આવતું તે સામે પણ જૈનોએ વિરોધ ખડો કર્યો. મનુષ્ય દેવ બની શકે છે, મનુષ્ય પોતાની શકિતથી ગુરુ બની શકે છે એ સિદ્ધાંત જૈનોએ સ્થાપિત કર્યો. જૈનો મનુષ્યની શક્તિનું મ્હોટામાં મ્હોટું મૂલ્ય આંકે છે એ ભૂલવાનું નથી. ચોવીસ તીર્થંકરો મનુષ્ય જ હતા. બધા ક્ષત્રિય વંશના હતા. એમણે પોતાની ત્યાગશક્તિ—તપશ્ચર્યાશક્તિના બળે કરીને સર્વશ્રેષ્ઠ અધિકાર મેળવ્યો. મતલબ કે જૈનધર્મ, ભારતીય બધા ધર્મોને વિષે એકમાત્ર માનવીય ધર્મ છે. (જો કે શરૂ–શરૂમાં ગૌતમ બુદ્ધનો સરળ બૌદ્ધધર્મ પણ એવો જ સરલ માનવીય ધર્મ હતો.)

છેલ્લા અઢી હજાર વર્ષમાં જૈન ધર્મે ઘણું ઘણું સહન કર્યું છે. એમનાં ઘણાં ધર્મશાસ્ત્ર નાશ પામ્યાં છે. અંદર–અંદરના વિવાદને લીધે ઘણા શાખા–ભેદ પડી ગયા છે. ઘણા નવા પંથ પણ નીકળ્યા છે. આજે મુખ્યત્વે જૈન ધર્મમાં ત્રણ ફીરકા છે. શ્વેતાંબર, દિગંબર અને તેરાપંથી–સ્થાનકવાસી એ સિવાય ન્હાના–મ્હોટા બીજા ઘણા ભેદ છે.

એ બધાની દેવપૂજા સંબંધી પદ્ધત્તિ, દેવ–પ્રતિમાનાં લક્ષણો અને દર્શન વિષયની મૂળ વાતોનો વિચાર કરીએ તો ભારતના સર્વપ્રાચીન ધર્મમત વિષે કંઇક પ્રકાશ મેળવી શકીએ.

દિગંબર તથા શ્વેતાંબરનાં ધર્મશાસ્ત્ર ઘણીવાર લુપ્ત થયાં છે. અને ઘણી વાર એનો પુનરૂદ્ધાર પણ થયો છે. એટલે જૈનધર્મનું જુનામાં જુનું સ્વરૂપ કેવું હશે તે તે ઉપરથી નક્કી થઇ શકે નહીં. આજથી ૨૨૦૦ કે ૨૫૦૦ વર્ષ પહેલાં જૈનો શું પૂજતા, શી રીતે પૂજતા તેનો આપણે પત્તો મેળવવો જોઇએ.

ઈ. સ. પૂર્વે બસો–ત્રણ સો વર્ષ ઉપર, ઉત્તર–ભારતના જૈનો મૂર્ત્તિપૂજા કરતા, અને મથુરા, કૌશાંબી વિગેરે પ્રાચીન નગરોમાંથી એવી પ્રાચીન જૈન મૂર્ત્તિઓ પણ મળી આવી છે. આજની–વર્તમાન જૈન મૂર્ત્તિઓમાં જે લક્ષણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે બધાં પ્રાચીન કાળની જૈન મૂર્ત્તિમાં જણાતાં નથી. વર્તમાન યુગની જૈનમૂર્ત્તિમાં જે વૃક્ષ, શાસનદેવી, યક્ષ, લાંછન વિગેરે લક્ષણો જોઇએ છીએ તે અઢી હજાર વર્ષ પૂર્વેની જૈન મૂર્ત્તિઓમાં પ્રાયઃ દેખાતાં નથી. ઘણા પ્રાચીન કાળની જૈન મૂર્ત્તિ એટલે એક પાષાણનો પટ; અને એની ઉપર કેટલાંક આંકેલા ચિન્હ. અલાહાબાદના ઐતિહાસિક દાક્તર–વામનદાસ બસુને ત્યાં એક સંગ્રહશાળામાં કેટલાંક પુરાણાં અવશેષો છે. તેમાં એક અતિ પ્રાચીન પટ છે. કૌશાંબીના ખંડેરમાંથી એ મળી આવ્યો છે. વીસ વર્ષની વાત ઉપર મેં એ જૈન પટ જોયો હતો. એ સંબંધી થોડું વિવેચન પણ મેં લખ્યું હતું.

પટની એક બાજુ લખ્યું છેઃ—

(१) सिद्धम् राज्ञो शिवमित्रस्य संवछरे १०,२००००००००००० ख माहकिय........

(२) थविरस बलदासस निवर्तन शः....शिवनन्दिस अन्तेवासिस ...

( ३ ) शिवपालितान आयपटो थापयति अरहत पूजाये ।

" સિદ્ધ, રાજા શિવમિત્રના રાજ્યનું બારમું સંવત્સર સ્થવિર બલદાસના ઉપદેશથી....શિવનંદીના શિષ્ય....શિવપાલિતનો....આ આર્ય અરિહંતોની પૂજા અર્થે પ્રતિસ્થાપિત કર્યો."

મથુરા બહારના ખંડિયેરોમાંથી માત્ર એ એક આર્યપટ્ટ અથવા આર્યાગ્રપટ્ટ મળી આવ્યો છે. રાજા શિવમિત્ર કોણ હશે તે કળી શકાતું નથી. ઈ. સ. પૂર્વેના એક–બે સૈકા ઉપર મથુરામાં આવા અનેક આર્યપટ્ટ અથવા આર્યાગ્રપટ્ટ પ્રતિષ્ઠિત થયા હશે એમ લાગે છે. છેલ્લાં પચાસ વર્ષમાં મથુરામાં આવા કેટલાક પટ્ટ જુદી જુદી જગાઓમાંથી જડી આવ્યા છે. મથુરા તથા લખનૌની ચિત્રશાળામાં એ જાળવી રાખ્યા છે.

આ પટ્ટનું નિરીક્ષણ કરવાથી, જૈન ઉપાસનાને યોગ્ય દ્રવ્ય અથવા મૂર્તિ, કેટલા કાળથી રીતસર ઘડાતી ઘડાતી વર્તમાન આકાર પામી હશે, અથવા તો બે–અઢી હજાર વર્ષ પૂર્વે એનું શું સ્વરૂપ હશે તે કેટલેક અંશે સમજાય છે. પટ્ટ ઉપર, શિલાલેખને મથાળે 'आयपट' અથવા 'आयागपट' લખ્યું હોય છે. ઘણું કરીને પ્રાચીન કાળે જૈનોના એ ઉપાસ્ય દેવ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આર્યપટ્ટ કે આયાગપટ્ટ સાવ નવી જૈન મૂર્તિ હશે એમ સમજવાનું નથી. વર્તમાન કાળની જૈન મૂર્તિઓ તેમજ બીજા ઉપાસ્ય દ્રવ્યોની સાથે એ ઘણી રીતે મળતા આવે છે. ખૂબ લાંબા–પહોળા પથ્થરના એ પટ્ટ હોય છે. ઘણાખરા પટ્ટની ઉપર કેટલાંક ચિહ્ન આંકયાં હોય છે. આ બધાં ચિહ્નો હિંદુઓમાં, બૌદ્ધોમાં અને જૈન ધર્મમાં પણ મંગળચિહ્ન તરીકે ઓળખાતાં આવ્યાં છે; પૂજાયાં પણ છે.

કેટલાક આર્યપટ્ટ ઉપર ચાર મત્સ્યપૂચ્છ અંકાયેલા જોવાય છે. પટ્ટની બરાબર વચ્ચે, જ્યાં આગળ ચારે મત્સ્યપૂચ્છ એકઠાં મળે છે ત્યાં એક ચક્રનો આકાર દેખાય છે. જૂદા જૂદા આર્યપટને વિષે, આ ચક્રની અંદર જૂદાં જૂદાં ચિહ્ન અથવા મૂર્ત્તિઓ આંકેલી છે. કૌશાંબીવાળા આર્યપટ્ટમાં, મધ્યસ્થ ચક્રમાં એક પ્રસ્ફુટિત પદ્મ છે. મથુરાવાળા આયાગપટમાં મ્હોટે ભાગે, મધ્યસ્થ ચક્રમાં જૂદા જૂદા તીર્થંકરોની મૂર્ત્તિઓ છે. એકાદ–બેમાં રથચક્ર અથવા તો બીજાં પણ ચિહ્ન છે. એ સિવાય આર્યપટમાં બીજાં ઘણાં મંગળચિન્હ હોય છે. મંગળકળશ, પદ્મ, શંખ, રથચક્ર, મત્સ્યપૂચ્છ વિગેરે. આ જ ચિન્હો, વખત જતાં, ચોવીસ તીર્થંકરોની મૂર્તિમાં "લંછન" બન્યાં હોય એમ લાગે છે. જૈનો પૂજા કરતી વેળા કેટલીકવાર અક્ષતના–ચોખાના આવાં ચિન્હ આંકે છે.

જે જે સ્થળેથી આવા આર્યપટ્ટ અથવા આર્યાગ્રપટ્ટ મળી આવ્યાં છે તે તે સ્થળ ભારતવર્ષ અથવા આર્યાવર્ત્તના અતિ પ્રાચીન કેંદ્રસ્થાનો હતાં. શિલાલેખથી પણ સિદ્ધ થઈ ચૂકયું છે કે એ સ્થળો, ઇસુના જન્મકાળ સુધી જૈનોનાં મુખ્ય તીર્થસ્થાન અથવા કેંદ્રસ્થાન રહ્યાં હતાં. ભાગલપુર અથવા ચંપા, પાવાપુરી અથવા અપાપાપુરી, સમેત્તશિખર અથવા પાર્શ્વનાથ પહાડ, પ્રાચીન રાજગ્રહ અથવા ગિરિવ્રજઃ એ સર્વ પ્રાચીન જૈન તીર્થો છે. તે ઉપરાંત મધ્યદેશ અથવા યુક્તપ્રદેશનું, શૌરસેનની રાજધાનીવાળું શહેર મથુરા, પ્રાચીન વત્સદેશની રાજધાનીવાળું શહેર કૌશાંબી અથવા કોસામ, પ્રાચીન પંચાલનું રાજધાનીવાળું શહેર અહિચ્છત્ર અથવા તો બરેલી પાસેનું રામનગર, આર્યાવર્તના ઇતિહાસમાં એ બધા સુવિખ્યાત છે. આ ત્રણ સ્થાનોમાં જે જૈન અવશેષો મળી આવ્યાં છે તે વિષે હું અહીં સ્હેજ વધુ વિવેચન કરવા માગું છું.

આજથી લગભગ ચાલીસ વર્ષ ઉપર (ઇ. સ. ૧૮૯૦) જ્યારે પ્રાચીન મથુરામાં ખોદકામ કરવામાં આવ્યું ત્યારે કંકાલીટિલા નામના સ્થાનમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક પ્રાચીન જૈન શિલાલેખ મળી આવ્યા હતા, પણ એમાં આર્યપટ્ટની સંખ્યા બહુ ઓછી હતી. પછી ખોદાણકામ જેમ વધતું ગયું તેમ તેમ ઉંડાણમાંથી આર્યપટ્ટ નીકળવા લાગ્યા. મથુરાનો જુનામાં જુનો આર્યપટ્ટ આકારમાં મ્હોટો અને ખંડિત છે. એ ઉપરનો લેખ પણ અપૂર્ણ છે. એમાં લખ્યું છે:—

" नमो अरहतो वधमानस्य गोतिपुत्रस पोठय शककाल वालस कोशिकिये शिमित्राये आयागपटो पति (ठावित) "

—અર્હત્ વર્ધમાનને નમસ્કાર, ગૌસિપુત્ર....પ્રોષ્ઠય અને શકોના કાલવ્યાલ (સ્વરૂપ)....શિમિત્રા....વડે આર્યાગ્રપટ્ટ પ્રતિષ્ઠાપિત."

એક-બે બીજા પણ ખંડિત આર્યપટ્ટ નીકળ્યા છે. તેમાં એક તો વારણગણના આર્યહાટ્ટિય કૂળની વજ્રનાગરિક શાખાનું અને આર્યશ્રીક સંભોગના કોઈ જૈન ગુરૂના આદેશથી અપાયેલું બીજું એક આર્યપટ છે. ત્રીજામાં રસનંદીના પુત્ર નંદીઘોષ નામના ત્રૈવર્ણિકનો નામોલ્લેખ છે. ( Epigraphica Indica vol.I. pp. 396-7 )

મથુરાના આ ખોદકામે એક ભ્રમ ટાળી દીધો. જૈન મૂર્ત્તિઓ અને જૈન શિલાલેખોના આધારે, જૈનધર્મ બૌદ્ધધર્મની શાખા નથી-જૈનધર્મ બૌદ્ધધર્મ કરતાં પણ પુરાતન છે એ વાત દીવા જેવી દેખાઇ આવી.

આજ સુધી જૈનો એકલા જ જૈનધર્મને બહુ પ્રાચીન માનતા, પણ એ પછી તો જગતને એ વાત માનવી પડી. જૈનધર્મ જગતનો એક અતિ પૂજ્ય અને પુરાતન ધર્મ છે એમ પૂરવાર થયું.

બૌદ્ધો આજ સુધી જે એમ કહ્યા કરતાં કે અમારી જ પૂજાપદ્ધત્તિ પ્રાચીન છે, અમારી ઉપાસ્ય મૂર્ત્તિઓ જ પ્રાચીન છે એ બધું બંધ પડયું. જૈનો પણ બૌદ્ધોના જેવો જ દાવો કરી શકે છે.

જુના સમયમાં, બૌદ્ધોની જેમ જૈનોમાં પણ "સ્તૂપ" તથા "સાધુઓની ભસ્મરક્ષા" હશે, પણ પાછળથી જૈનધર્મમાં પરિવર્ત્તન થયું અને સ્તૂપપૂજા તથા સાધુઓના ભસ્મની પૂજા નીકળી ગઇ હોય. બૌદ્ધોની અંદર જ રહી ગઇ. તીર્થંકરોની મૂર્ત્તિઓ નવું સ્વરૂપ પામવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધુનિક જૈનો મૂળ ઉપાસનાપદ્ધતિ અને મૂર્ત્તિ-ગઠનની વાત છેક ભૂલી ગયા છે. પહેલવહેલો પુરાતન આર્યપટ્ટ જ્યારે હાથ લાગ્યો ત્યારે ડૉ. બુલ્હર અને પીટ પણ મુંઝવણમાં પડ્યા. કોઇ જૈન મુનિ એવા ન મળ્યા કે જે આ આર્યપટ્ટ વિષે કંઇકે ખુલાસો કરી શકે.

બે-ત્રણ વર્ષ લગી આર્યપટ્ટ મળતા રહ્યા, પણ હમણાં એવા આર્યપટ્ટ નીકળતા જણાતા નથી. આ ઉપરથી એટલું ફલિત થઈ શકે છે કે આર્યપટ્ટ કોઇ એક યુગની ખાસ વસ્તુ છે. એ યુગ વીતી ગયા પછી આર્યપટ્ટની પૂજા-સ્થાપના બંધ થઇ હશે.

એ કયો યુગ હશે ? એવું અનુમાન નીકળે છે કે મૌર્ય સામ્રાજ્યનો નાશ થયો તે પછી, કુશાન અથવા શક સામ્રાજ્યની પ્રતિષ્ઠા થઈ તે પહેલાંનો એ યુગ હોવો જોઇએ. બે-ચાર રાજાનાં નામ, એ સમયના આર્યપટ્ટ ઉપર અંકાયેલા છે, પણ એ ઓળખાતા નથી. મથુરાનો રંજુવુલો અને તેનો પુત્ર શોભાસ, કૌશાંબીનો શિવમિત્ર એ વખતના રાજા હતા; પણ શિલાલેખ અને પ્રાચીન સીક્કા સિવાય એમનાં નામ બીજે કયાંય જોવામાં આવતાં નથી. રંજુવુલો અને શોભાસ શક-જાતિના રાજા છે. તેઓ પહેલાં શક-રાજાના નોકર હતા અને પછી સ્વતંત્ર થયા હતા. સ્વતંત્ર થવા છતાં રાજ્યની નોકરી સૂચવનારી ઉપાધિ "મહાક્ષત્રક" તેઓ મહારાજા પદની સાથે ઉમેરતા. પુરાણમાં કે ઇતિહાસમાં બીજે કોઇ ઠેકાણે રંજુવુલો કે તેના પુત્ર શોભાસનું નામ મળતું નથી. મથુરાના કેટલાક શિલાલેખોમાં શિવમિત્ર નામના એક રાજાનું નામ વંચાય છે. મથુરાનો શિવમિત્ર અને કૌશાંબીનો શિવમિત્ર એ બન્ને એક જ જમાનાના પુરૂષો હોય તો પણ એ બન્ને એક હતા એમ કહી શકાય નહીં.

જૈન ધર્મની પ્રાચીનતમ મૂર્ત્તિઓનો એક યુગ ઘણું કરીને મૌર્ય-સામ્રાજ્યના લોપ સાથે પૂરો થયો હોય અને એ પછી તરતજ બીજો યુગ શરૂ થયો હોય એમ બને. કુશાન સમ્રાટના રાજઅમલ વખતે જૈન મૂર્ત્તિઓનો નવો યુગ બેઠો. એ સમ્રાટોએ ચોવીસ તીર્થંકરોની મૂર્ત્તિઓ પ્રમાણપુરઃસર તૈયાર કરાવવા માંડી. એમની પહેલાના યુગમાં એટલી ચોક્કસાઇ નહીં રખાતી હોય.

જૈન ધર્મના જુનામાં જુના યુગમાં, જૈનોના ઉપાસ્ય દેવતા કોણ હશે તે બરાબર સમજી લેવું જોઈએ, એને માટે આજ સુધીમાં મળી આવેલા આર્યપટ્ટ અથવા આયાગપટ્ટનો બારીક અભ્યાસ કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મથુરા, કૌશાંબી અથવા અહિછત્રમાં કોઇ એક જૈન પુરૂષ કિંવા સ્ત્રીએ એક આર્યપટ્ટની પ્રતિષ્ઠા કરાવી છે. આવા આર્યપટ્ટ એક વિશાલ શિલા ઉપર કોતરેલ હોય છે. એમાં કેટલીક કારીગરી હોય છે. ચાર ખૂણામાં ચાર આકૃતિઓ, ચોતરફની કીનારી ઉપર આઠ, બાર કે સોળ મંગળચિહ્ન હોય છે. પટ્ટની વચ્ચોવચ એક યા તો વધારે વૃત્ત અને એની અંદર ચાર અથવા ચાર-જોડ મત્સ્યપૂચ્છ ચોતરફ આંકેલા રહે છે. મત્સ્યપૂચ્છ પણ એક મંગળચિહ્ન છે. સાધારણ રીતે ચાર મત્સ્યપૂચ્છના કેંદ્રસ્થળે એક ગોળાકાર સ્થાનને વિષે એક બેઠા ઘાટની જૈન મૂર્ત્તિ હોય છે. ઇ. સ. ના આરંભ પૂર્વે બસો વર્ષ ઉપર સિંહક વણિકના પુત્ર અને કૌશિકી-ગોત્રીય માતાના સંતાન સિંહનાદિકે મથુરામાં જે આયાગપટ્ટની પ્રતિષ્ઠા કરી હતી, તેમાં ઉપરોક્ત વ્યવસ્થા જોવામાં આવે છે. આ પટ્ટની ઉપર ચાર બાજુ, ચારે ખૂણામાં લાંબી બેવડી કીનાર છે. ઉપરની કીનારમાં ચાર મંગળચિહ્ન છે અને પડખેની ઉભી કીનારમાં બન્ને બાજુ બે સ્તંભ આંકેલા છે. નીચેની બાજુમાં, દાતાની ઓળખાણ આપવા થોડો ભાગ રોકયો છે. બાકીના ચાર ખૂણામાં વચ્ચે એક વૃત્ત અને તેની આજુબાજુ ચાર જોડાયેલા મત્સ્યપૂચ્છ છે. મધ્યસ્થ વૃત્તમાં, પદ્માસનને વિષે ધ્યાનમુદ્રાવાળી, બેઠા ઘાટની જિનમૂર્ત્તિ છે. ( V. A. Smith-The Jainee Stupa & other antiquities of Mathura Page 15, Plate VII. )

પણ આયાગપટ્ટ બધા એક જ બીબામાં ઢાળેલા નથી. એમાં બહુ ફેરફાર થયેલા જોઇ શકાય છે. બીજા એક આર્યપટ્ટમાં, કીનારી ઉપર અર્ધ-અશ્વી કિન્નરી, વચ્ચે ચાર બાજુના ચાર ખૂણે અર્ધ-મત્સ્યકિન્નર, વૃત્તની વચ્ચે એક યુવતીશ્રેણી અને બરાબર વચ્ચે તીર્થંકરની મૂર્ત્તિને બદલે અર્હત્ નેમિનાથનું લાંછન અર્થાત્ એક રથચક્ર છે. આ આર્યપટ્ટ ઉપરનો શિલાલેખ બરાબર વાંચી શકાતો નથી. ( Plate VIII. )

મથુરાનો ત્રીજો આર્યપટ્ટ જુદી જાતનો છે. એમાં વચ્ચે એક વિશાળ વૃત્તની અંદર એક ન્હાનું વૃત્ત છે અને એ વૃત્તની અંદર પદ્માસનવાળી એક જિનમૂર્ત્તિ છે. આસપાસ ચાર જોડ મત્સ્યપૂચ્છ છે. એની બહાર પ્રથમ વૃત્ત અને પાછાં મત્સ્યપૂચ્છ છે. ચાર મંગળચિહ્ન એમાં આંકયા છે. (૧) સ્વસ્તિક (૨) મત્સ્યયુગ્મ (૩) ઘટિકા (૪) ભદ્રાસન. અપ્સરાઓના સ્કંધ ઉપર એક માળા છે અને એ માળાની સમાંતરાએ (૧) જિનમૂર્ત્તિ (૨) આર્યવૃક્ષ (૩) સ્તૂપ અને (૪) મંદિર છે. ચાર કોર ચાર નાગિણી અને નીચે આઠ મંગળચિહ્ન પણ છે. ( P. 16. Plate IX Epigraphica Indica vol. II. pp. 311-13 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ મુદ્દાની વાત એ છે કે મ્હોટે ભાગે આર્યપટ્ટ અથવા આર્યાગ્રપટ્ટમાં મધ્ય સ્થાને એક ગોળાકારને વિષે જિનમૂર્ત્તિ હોય છે. કોઇ કોઈ પટ્ટમાં મૂર્ત્તિને બદલે જિન ભગવાનનું લાંછન જ રહે છે. દાખલા તરિકે મથુરાના આર્યપટ્ટમાં નેમિનાથ ભગવાનની મૂર્ત્તિને બદલે એમનું (રથચક્રનું) લાંછન આંકેલું છે. કૌશાંબીના આર્યપટ્ટમાં છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુનું વિકસિત કમળરૂપી લાંછન છે.

મથુરાના જૂદા જૂદા ભાગમાંથી મળી આવેલા આર્યપટ્ટ જુદા પ્રકારના છે. કોઇકમાં જૈનમંદિર તો કોઈકમાં જૈન સ્તૂપ છે. આ ઉપરથી એટલું જણાય છે કે પ્રાચીન જૈનધર્મમાં, બૌદ્ધધર્મની જેમ સ્તૂપની પૂજા થતી હશે. એ પછી વધુ ખોદકામ કરતાં ઇ. સ. ૧૮૯૮ માં મથુરામાંથી એક જૈન સ્તૂપ મળી આવ્યો ત્યારે એમ લાગ્યું કે સ્તુપ કે ચૈત્ય, હિન્દુ, બૌદ્ધ કે જૈન–ભારતીય કોઇ સંપ્રદાયની ખાસ સ્વતંત્ર વસ્તુ નથી. પુરાતન સ્તૂપ, પુરાતન જિનમૂર્ત્તિની જેમ આર્યપટ્ટ ઉપર અંકાતા હશે અને મંદિર કે વૃક્ષની નીચે એની પ્રતિષ્ઠા કરવામાં આવતી હશે. જિનમૂર્ત્તિવાળા, જિન ભગવાનના લાંછનવાળા અથવા સ્તૂપવાળા કોઈ આર્યપટ્ટમાં કંઇ ભેદ હોય એમ કળાયું નથી. બધા શિલાલેખોમાં એક જ વાત કહેવામાં આવી છે.

"नमो अरहतो नमो फगुयशस नतकस भयाये
शिवयशाए आयागपटो कारितो अरहत पूजाये—"

એકમાં તો જિનની મૂર્ત્તિ કે ચિહ્ન જેવું કંઇ જ નથી. કીનારથી વીંટળાયેલો એક સ્તૂપ માત્ર જ છે. સામે તોરણ અને તોરણ પાસે એક સીઢી. તોરણની બન્ને બાજુ બે અર્ધ–વિવસ્ત્રા નારીઃ અર્ધભગ્ન આર્યપટ્ટનું એ સામાન્ય વિવરણ છે.

વિશ્વાસપાત્ર ઇતિહાસના આધારે, ભારતીય જૈનધર્મના અતિ પુરાતન યુગ સંબંધે જે કંઈ જાણવાનું મળે છે તેનો આ આર્યપટ્ટ અથવા આર્યાગ્રપટ્ટથી જ આરંભ થાય છે. વર્તમાન યુગમાં જૈનો સ્તૂપની ઉપાસના ઘણુ કરીને નથી કરતા, કરતા હોય તો પણ આપણે તે નથી જાણુતા; પરંતુ જો કોઈ જૈનસ્તૂપની ચર્ચાને બાદ કરીને, મધ્યયુગના જૈનધર્મની આલોચના કરવા બેસશે તો તેનો શ્રમ નકામો જશે; કારણ કે એવી આલોચના અસંભવિત છે.

શ્રી રાખાલદાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવકાચાર.

( ગતાંક પૃષ્ઠ ૧૬૬ થી શરૂ )

શ્રાવક ધર્માચરણ કરતાં કદાપિ સંતોષ ન પામે અને સદા અતૃપ્ત રહીને અધિકાધિક રૂચિ સહિત ધર્મકર્મ નિરંતર કર્યા કરે.

ધર્મના પ્રભાવથી ઐશ્વર્ય પામીને જે ધર્મનો અનાદર કરે છે તે સ્વામીદ્રોહી પાતકીનું ભવિષ્ય કેવી રીતે સુધરે ?

સ્વર્ગાદિક ભોગસુખ અને મુકિતસુખદાયક સેવા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનું સેવન બુદ્ધિમાન જૈનોએ નિરંતર કરવું.

અલ્પમાંથી પણ અલ્પ આપવું, ઘણી લક્ષ્મી થશે ત્યારે બ્હોળું આપીશ એમ સમજી રાખી થોડામાંથી થોડું દેવાની તક જવા ન દેવી; કારણ કે પોતાની ઇચ્છાનુસાર મનમાનતી લક્ષ્મી કોને કયારે થવા પામે છે ?

જ્ઞાનદાનથી મનુષ્ય જ્ઞાની થાય છે, અભયદાનથી અભય થાય છે, અન્નદાનથી સુખી, ઔષધદાનથી નિરોગી અને જીવીતદાનથી અહિંસાથી દીર્ઘાયુ થાય છે.

કીર્ત્તિ પુણ્યથી પ્રાપ્ત થાય છે; દાનથી નહિં, જેથી જે કોઇ કીર્ત્તિ માટે દાન આપે છે તેને સુજ્ઞ પુરૂષે એક પ્રકારનું વ્યસન સમજવું.

દાન કરવાથી દાતાને પુણ્ય થાય છે અને દાન લેનાર જ્ઞાનીને તે દાનનો દોષ લાગતો નથી, કારણ કે વિષ અને શીતને દૂર કરનાર મંત્ર અને અગ્નિ શું દોષિત થાય છે ?

વ્યાજે દેતા ધન બમણું થાય, વેપારમાં ચાર ગણું ખેતી વાવતાં સોગણું, પરંતુ સુપાત્રમાં આપવાથી અનંતગણું થાય છે.

ચૈત્ય, પ્રતિમા, પુસ્તક અને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ સાતે ક્ષેત્રે ધન વાપરતાં અગણીત ફળની પ્રાપ્તિ થાય છે. જે પુણ્યશાળી શ્રાવક ભકિતભાવથી જરૂરી સ્થળે જિનમંદિર કરાવે, તે એ ચૈત્યના પરમાણુઓ જેટલા પલ્યોપમ સુધી દેવતાના સુખો ભોગવે છે.

કરાવેલ જિનચૈત્ય જેટલા કાળ રહે, તેના જેટલા સમય થાય તેટલાં વર્ષો પર્યંત તે કરાવનાર દેવગતિના સુખ ભોગવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવર્ણ, રૂપું, રત્ન, પાષાણ કે માટીની વિધિ સહિત જે જિનપ્રતિમા કરાવે તે તીર્થંકરપદને પામે છે.

ધર્મરૂપ વૃક્ષના મૂળરૂપ અને મોક્ષફળ આપનાર એવા ઉત્તમ શાસ્ત્રને જાણીને જે લખે-લખાવે, વાંચે-વંચાવે અને સાંભળે-સંભળાવે, તે પોતાના ભાવને અધિક વિશુદ્ધ બનાવે છે.

આગમશાસ્ત્ર લખાવીને જે ગુણી પાત્રજનોને આપે છે તે અક્ષર પ્રમાણ વરસો સુધી દેવતા થઇને દિવ્ય સુખો ભોગવે છે.

જે શ્રાવક જ્ઞાનની ભક્તિ કરે છે, તે જ્ઞાનકળાથી સુશોભિત થઇ પ્રાંતે અક્ષય મોક્ષપદને પામે છે.

સર્વ સુખોના કારણરૂપ અન્નદાન છે એમ સમજીને શ્રાવકે પ્રતિવર્ષે યથાશક્તિ સાધર્મીવાત્સલ્ય કરવું.

બંધુ પ્રમુખ સ્વજનો કુટુંબીયોને સ્વાર્થ બુદ્ધિએ જમાડવા તે સંસારની વૃદ્ધિનું કારણ છે, ત્યારે સાધર્મી બંધુઓને નિસ્વાર્થપણે પ્રેમપૂર્વક જમાડવા તે સંસારસમુદ્રથી તારનાર થાય છે, એમ સમજી વિવેકી શ્રાવકે પ્રતિવર્ષે શ્રી સંઘને પોતાને ઘેર પધરાવી યથાશક્તિ સેવાભકિત કરવી અને ગુરૂ મહારાજને પ્રાસુક અન્ન-વસ્ત્રાદિક ભકિતપૂર્વક આપવા.

પોતે સંપૂર્ણ વૈભવ-લક્ષ્મીવાળો ન હોય તો પણ શ્રાવક વસતી, અશન, પાન, પાત્ર, વસ્ત્ર અને ઔષધાદિક પોતાની યથાશકિત પ્રમાણે સાધુજનોને કંઇક આપે.

દાન સુપાત્રે આપવું, તે આપતાં કાંઈ હીનતા આવતી નથી; પરંતુ કૂપ, આરામ (બગીચા) અને ગાય વગેરેની પેઠે આપવાથી જ સંપદા વૃદ્ધિ પામે છે.

દાન અને ભોગમાં મોટું અંતર દેખાય છે. ખાધેલ તરત વિષ્ટારૂપ થાય છે અને સત્પાત્રમાં આપેલ વસ્તુ અક્ષય પામે છે.

સેંકડો પ્રયત્નથી મેળવેલ પ્રાણ કરતાં પણ અધિક એવા ધનની ગતિ માત્ર એક દાન જ છે; તે સિવાય બીજી બધી તો વિપત્તિરૂપ જ છે.

તેથી જ ન્યાયોપાર્જિત પોતાના ધનને સાત ક્ષેત્રે વાપરતાં શ્રાવક પોતાના ધન અને જીવિતને સફળ કરે છે. (સંપૂર્ણ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

[ ગતાંક પૃષ્ઠ ૧૮૬ થી શરૂ. ]

આ ઉપરાંત આવી જાતની વસ્તીગણનામાંથી, વસ્તી ગણતરી સિવાય, દેશના ઉદ્યોગો, તેની ઉત્પત્તિ, શ્રમજીવીઓની સ્થિતિ અને વેતન, વ્યાપાર અને સાધન, વ્યવહારની પ્રગતિ, નાણા વિષયક પરિસ્થિતિ, દેશનું જન્મ અને મરણપ્રમાણ, વ્યક્તિગત આવક, જીવનનું ધોરણ અને પ્રજાની આર્થિક, નૈતિક અને સામાજિક પરિસ્થિતિને લગતા અનેક વિષયોનું તેમાં યથાયોગ્ય વિવેચન મેળવી શકાય છે. આમ પ્રજાની સામાન્ય સુખાકારીની વિગતવાર તપાસણી માટે "વસ્તીપત્રકો" એ એક કિંમતી પ્રકાશન છે. રચનાત્મક અને જનતાના હિતના પ્રયાસો આદરવા સારૂં પ્રજાની અજ્ઞાનતા, દારિદ્રય, વ્યાપાર વિષયક પછાતપણું, બેકારી તેમજ શારીરિક સુખાકારી સંબંધી જે જ્ઞાનની જરૂર પડે છે તે આવા અહેવાલોમાંથી મેળવી શકાય છે અને ઉપર પ્રમાણે જ્યારે પ્રજાની આર્થિક, દારિદ્રય અને બૌદ્ધિક વિકાસની સંપૂર્ણ વિગત પ્રાપ્ત થતાં ખામીઓ દૃષ્ટિગોચર થશે ત્યારે અડસટાઓ અને અટકળોથી ઇલાજો શોધી શકવાનું બની આવે છે. એટલા જ સારૂ વસ્તી ગણતરીની ખાસ આવશ્યકતા દેશ-પરદેશમાં સ્વીકારવામાં આવી છે અને જ્યારે "જૈન" કોમને કાંઈપણ તકલીફ ઉઠાવ્યા સિવાય સદરહુ હકીકત મળે છે તે તરફ જૈનો કદાચ બેદરકાર બની પોતાની સાંસારિક, આર્થિક, નૈતિક અને કેળવણી સંબંધે કેટલા આગળ વધ્યા છીએ એટલું ધ્યાનમાં રાખવામાં પછાતપણું દર્શાવશે, તો કુદરતી રીતે વસ્તીપત્રકમાંથી જૈન કોલમ કાઢી નાખવાનું સરકારને કારણ મળે તો તે અસંભવિત નથી. તેટલા જ માટે આ લેખને જૈનોના ભાવી ઉદય માટે મહત્વતા આપી, ઉપર દર્શાવેલ વસ્તીપત્રકમાં રજુ કરવામાં આવેલ જૈન કોમની વસ્તુસ્થિતિ તરફ જૈનોનું લક્ષ ખેંચી, હવે પછીના દશ વર્ષમાં જૈનોની ઉન્નતિને અર્થે કઇ કઇ દિશામાં પ્રયાસો કરવાની જરૂરીઆત છે તે સંબંધી રૂપરેખા આળેખવાનું કાર્ય જૈન આગેવાનો અને વિદ્વાનો અને ધાર્મિક ઉપદેશકોને સોંપીને આ લેખ સમાપ્ત કરી જણાવવાની રજા લઉં છું કે જો આ લખાણ જૈન કોમની ઉન્નતિના અર્થે કાંઈ પણ ફાળો આપવામાં સહાનુભૂતિ દર્શાવનાર થશે તો વસ્તીપત્રકની ગણતરીને લગતી કરવામાં આવેલ મહેનત સફળ થએલ માનીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ.

તપમાં રહેલ અચિંત્ય શક્તિ આપણે જોઇ ગયા. હવે તેના બે મુખ્ય ભેદ સંબંધી વિચાર કરીએ.

( ૧ ) **બાહ્યતપ**—બહારનો તપ એવો એનો અર્થ. એથી સમજવાનું તો એ છે કે જેને ( કરણી કે કષ્ટને ) દેખીને જનતા પણ સ્વીકાર કરે, અર્થાત્ માત્ર જૈન ધર્મ જ નહિં પણ ઇતિર ધર્મોમાં પણ જે ક્રિયાથી તપ કર્યો એવું મનાય, એ છ પ્રકારેઃ—

**અનશન**—ખોરાક ન લેવો.

**ઊણોદરી**—ખોરાક લેવો ત્યારે પણ આકંઠ ન ખાતાં બે-પાંચ કવલ ઓછા લેવા.

**વૃત્તિસંક્ષેપ**—આજીવિકાના સાધનો નો ઘટાડો કરવો અર્થાત્ વસ્ત્ર, પાત્ર, રાચરચીલા આદિ ભોગના સાધનોમાં મમત્વ ઓછું થાય તેવી રીતે જીવનનો માર્ગ નિયત કરતા રહેવું.

**રસત્યાગ**—સર્વ ઇંદ્રિયોમાં જીહ્વા ઇંદ્રિયને જીતવી એ મહાકઠિણ કાર્ય છે. એની રસલોલુપતાએ ભલભલા મહારથીઓને પરાસ્ત કર્યા છે ત્યાં બીજાનું શું કહેવું ? સ્વાદલોલુપી જીવ શું શું અકાર્ય નથી કરતો ? એ રસોમાં વિગય ને મહાવિગયનો સમાવેશ થઇ જાય છે. મહાવિગયનો તો જૈન માત્રને સર્વથા ત્યાગ હોય જ, પણ છ વિગય કે જેની ગણત્રી મહા-વિગયમાં નથી થતી એનો પણ પ્રતિદિન ક્રમશઃ અકેકનો કિંવા એક પછી એકનો ત્યાગ કરવો જોઇએ. એ ન બને તેને પણ દેહને આહાર મળે તો પોષણ કાર્ય ચાલુ રહે એ ભાવથી જમવું જોઇએ, પણ રસગૃદ્ધિનો તો ત્યાગ જ કરવો જોઇએ. યાદ રાખવું ઘટે કે રસનો વધારો કર્મવૃદ્ધિનું કારણ તો છે જ પણ જોડે રોગોને નોતરનાર પણ છે.

**કાયક્લેશઃ—દેહદમન**-શરીરને એકદમ સુખશીલીયું ન બનાવવું જોઇએ કે જેથી આળસુ બની જવાય. વળી ઇંદ્રિયો પર કાબૂ મેળવી એ દરેક વિકારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર દાબ મૂકવાની ટેવ પાડવી, અને એ રીતે કષ્ટનો અનુભવ કરવો એ આશય પણ અહીં રહેલ છે. ઇચ્છાપૂર્વકનું દેહદમન જ તપની કોટીમાં આવી શકે છે.

**સંલીનતાઃ**—શરીરને કિંવા અંગોપાંગને સંકોચીને સુવું. અહીં દ્રષ્ટાન્ત આપતાં જણાવ્યું છે કે કુકડીની માફક અવયવો સંકોચીને સુવું. આપણો એ સહજ અનુભવ છે કે ઘણીખરી વખત આત્મા ઉપયોગહીન બેદરકારીથી વર્તી પાપબંધન કરી નાખે છે. વળી કાયાને એટલી નાજુક બનાવી દે છે કે પછી એ કોઈ પણ ધાર્મિક ક્રિયા કરવામાં પાછી પડે છે. ઇંદ્રિયો પર યોગ્ય અંકુશ ન હોવાથી તેઓ ચપળ બની જાય છે, એટલે તેમની પાસેથી ધાર્યું કામ લઇ શકાતું નથી. આ જાતની સ્થિતિ બનવા ન પામે અને બની ગઈ હોય તો તેમાં સુધારો થાય એટલા ખાતર બાહ્ય તપમાં એ સંબંધી ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

સામાન્ય રીતે અનશન એટલે અન–અશન ખાવું નહિ એવો એનો અર્થ છે, છતાં એમાં ઘણાં ઘણાં પ્રકારો છે. પૂર્વે આપણે જોઇ ગયા છીએ કે ઇચ્છાનિરોધપૂર્વકની કરણી જ તપમાં ગણાય છે. એ વાતને સતત દ્રષ્ટિ સન્મુખ રમતી રાખી પ્રત્યેક ક્રિયા આદરવાની છે. આજે આપણે જોઈએ છીએ કે ઇતર સંપ્રદાયોમાં તપના નામે જુદા જુદા ધોરણ વર્તે છે. કોઇ જગાએ એકાદશીનું તપ કરનારને કારણ પરત્વે તુળશીના પાન પર સમાય તેટલો ખોરાક લેવાની છૂટ અપાતા ત્યાં આજે ફરાળના નામે કેટલુંયે પોલાણુ ચાલે છે. સામાન્ય દિવસ કરતાં પણ આહારસામગ્રી એ દિને વિશેષ જોવાય છે. કેટલાક વળી દિવસ સાવ કોરો કહાડી સૂર્યાસ્ત થતાં જ ખોરાક પર તરાપ મારે છે. આમ બાહ્ય તપમાં એ બધાનો સમાવેશ જગતમાં થઇ રહ્યો છે; આમ છતાં જૈન દર્શનમાં એ માટેના સ્પષ્ટ નિયમો છે. દરેક તપની શરૂઆતમાં પચ્ચખ્ખાણુ યાને જે તપ કરવામાં આવે એને લગતી સમજ ને પ્રતિજ્ઞા-સૂચક નિયમની ખાસ અગત્ય રહે છે. નવકારશી, પોરસી, સાઢપોરશી, પરિમુઢ, અવઢ, એકાસન, આયંબિલ, નીવી, એકલઠાણુ આદિ એક દિવસમાં જુદી જુદી પદ્ધતિથી કરી શકાય તેવા તપોના નામ છે. ઉપવાસ પણ પાણી લઇને અથવા સાવ નકોરો એટલે કોઇપણ ચીજ લીધા વગરનો એમ બે રીતે થઇ શકે છે. એથી આગળ વધતાં બે ઉપવાસ એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાના સન્માન.

**સ્થાપના મહોત્સવ**—જૈન ગુરૂકુળના સંસ્થાપક મુનિ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી) ની દેહપ્રમાણ પ્રતિકૃતિ (મૂર્તિ) પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં ફાગણ શુદિ ૨ બુધવારે પ્રાતઃકાળે કલકત્તાવાળા બાઇ ભઉરીબાઇના હાથથી સ્થાપન કરવામાં આવી. સ્થાપના મહોત્સવ પ્રસંગે ભાવનગરની કમીટી તેમજ સ્થાનિક સભ્યો અને આગેવાનોની હાજરી હતી. ક્રિયાવિધાન મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી તથા મુનિશ્રી ન્યાયવિજયજીના નેતૃત્વ નીચે જયપુરવાલા પંડિત ભગવાનદાસે કરાવ્યાં અને મૂર્તિ સ્થાપન માટે ગુરૂકુળના જિનાલયની નજીકમાં આવેલા શેઠ કેશરીચંદ ભાણાભાઇ આરામ-મંદિરના એક ભાગમાં તૈયાર કરેલ ગુરૂમંદિરમાં બેન્ડ-વાજીંત્રના સરોદા તથા જયનાદ વચ્ચે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

**મેળાવડો અને પૂજા**:—ત્યારબાદ ગુરૂકુળના ચોકમાં ઉભા કરેલા મંડપમાં મેળાવડો થતાં તેમાં શેઠ ગુલાબચંદ આણંદજીએ પ્રસંગ પરિચય કરાવ્યો હતો. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે ગુરૂકુળની વ્યવસ્થા વર્તમાન કમિટીએ ૩૭ વિદ્યાર્થીઓ અને અગ્યારસોના દેવા સાથે હાથમાં લીધી ત્યારથી અત્યારે

---

છઠ્ઠ અને ત્રણ ઉપવાસ એટલે અઠ્ઠમ આદિ જુદી જુદી રીતે વધારતા જુદા જુદા અર્થસૂચક નામોવાળો અને એ સાથે આત્મા સમભાવમાં પ્રવર્તે એ સારૂં ભિન્ન ભિન્ન ક્રિયાયુકત તપ કહ્યો છે. એ માટે તપાવલી ગ્રંથ અવલોકવા વિનંતિ છે.

અત્રે કહેવાનું એજ છે કે આ બધાનો સમાવેશ બાહ્ય તપમાં કરવામાં આવ્યો છે. જગત એને તપ તરીકે સ્વીકારે છે અને એનાથી કાયાનું તપન થાય છે, માટે જો એ સમજપૂર્વક કરાય અને એ સાથે હવે પછી જે અભ્યંતર તપની વાત કહીશું એ એમાં ભળેલો હોય તો એનું ફળ સંપૂર્ણપણે બેસે.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાના સંસ્થાપક સદ્ગત મુનિ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી) ની સ્વર્ગીય સદ્ભાવના, મુનિવરોની દિલસોજી અને સમાજની ઉદારતાથી અત્યારે દોઢસો વિદ્યાર્થી સ્થાવર મિલ્કત અને સહાયક ફંડનો રિપોર્ટ રજુ કર્યો હતો. રા. શંકરલાલ ડાહ્યાભાઇએ સદ્ગત મુનિ શ્રી ચારિત્રવિજયજીની સમાજસેવા, ગુરૂકુળની સ્થાપના, વિકાશ અને મુનિશ્રીએ જલપ્રલય પ્રસંગે જાતિભોગથી માનવ જીવોનું રક્ષણ કર્યું હતું. તેમના વિદ્વાન્ શિષ્યોની પ્રેરણાથી કલકત્તાવાળા બાઈ ભઉરીબાઇ તરફથી સદ્ગતની પ્રતિકૃતિ ( મૂર્તિ ) તૈયાર કરાવી પ્રતિષ્ઠા કરવામાં આવી તે તથા આજે જમણવાર માટે વીજાપુરવાલા દીવાળી બાઈ તથા ભઉરી તરફથી રૂા. ૭૨ મળ્યા છે અને બાકી ખર્ચ રાવબહાદુર રવજીભાઇ સોજપાળ તરફથી આપવાનું જાહેર કર્યું હતું. ત્યારબાદ મુનિશ્રી ન્યાયવિજયજીએ સદ્ગતનો જીવન પરિચય કરાવતાં જણાવ્યું કે ૧૬ વર્ષની ઉમરે તેમણે સ્થા. દીક્ષા લીધી. તે પછી તેમને મૂર્તિપૂજાનું મહત્વ સમજાયું કે તુર્ત અનેક પ્રત્યાવાયો છતાં સંવેગી દીક્ષા લઇને બનારસ વધુ અભ્યાસ માટે ઉપડી ગયા. અહીંથી બંગાલમાં વિહાર કરતાં આર્યસમાજ ગુરૂકુળ જોયાં અને સદ્ગત શ્રી આત્મા–રામજી મહારાજના સમકાલીન શ્રી દયાનંદજી સરસ્વતીના આધિપત્ય નીચે શરૂ થએલ આર્યસમાજે ચાલીશ વર્ષમાં ગુરૂકુળ દ્વારા જે ખીલવણી કરી છે તેને પરિણામે આજે એકમાંથી ચાલીશ લાખ જેટલી સંખ્યા આર્યસમાજીસ્ટ થઇ શકેલ છે ત્યારે જૈન સમાજ દિવસાનુદિવસ લાખોની સંખ્યામાં ઘટતો જ જાય છે તે જોઇને લાગી આવ્યું અને આદર્શ જૈન ગુરૂકુળ જન્માવવાની ભાવનાથી તેઓશ્રી સતત વિહાર કરતાં સં. ૧૯૬૮ માં પાલીતાણે પધાર્યા. આ વર્ષે દુષ્કાળ હતો. તેમાં કચ્છના એક ભાઈ પોતાના બે દીકરા સાથે આવેલ, તે અન્નનાં અભાવે મૃત્યુશય્યા ઉપર પડ્યા હતાં તે વખતે મહારાજ–શ્રીને બોલાવી આ બે બાળકો તેમને સોંપ્યા અને તેને દીક્ષા આપીને પણ જીવાડવાને વિનંતી કરી. મહારાજશ્રીની ભાવના આવા બાળકોને ત્યાગની ભાવના થયા વિના ચેલા કરી દેવાની નહિ પણ તેને મનુષ્ય તરીકે તૈયારી કરવાની હતી તેથી આશ્રમ ખોલવાને સતત ઉપદેશ શરૂ કર્યો. જોતજોતામાં આવા નિરાશ્રીત બાળકો નજરે ચડવા લાગ્યાં. આશ્રમમાં રાખી અભ્યાસ શરૂ કરાવ્યો. એ આશ્રમ સદ્ગતની ભાવના મુજબ ખીલતું રહીને તેની બંને કમીટીઓની ખંતથી આજે ફાલ્યુંફુલ્યું છે તે જોઇ આનંદ થાય છે અને ગુરૂકુળની ખીલવણી માટે વિશેષ તો મુંબઈના સેક્રેટરી લલ્લુભાઇ અને ભાવનગરના સેક્રેટરી વલ્લભદાસભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાની ધુરા કાંધે લઈ સેવા આપી રહ્યા છે તે માટે માન ઘટે છે અને હજી પણ ઇચ્છું છું કે જેમ અત્યારે આર્યસમાજની કાંગડી ગુરૂકુળ જેવી સંસ્થાઓ વિકાસ કરી રહી છે તેમ આપણા ગુરૂકુળને હજુ પણ ખીલવવાનું અને, સેંકડો જૈન બાળકો આદર્શ શહેરી બને અને કાંગડી ગુરૂકુળમાંથી આગળ વધેલ વિદ્યાર્થી અમેરીકામાં અભ્યાસ કરી માસિક પાંચ હજાર મેળવી શકે તેવા નિષ્ણાત થયાં પછી પણ સો–દોઢસોમાં આર્યસમાજ ગુરૂકુળને જીવન અર્પી રહ્યા છે અને પોતાના જેવા સેંકડો બીરાદરો તૈયાર કરવાને તનતોડ મહેનત કરે છે તેમ આ ગુરૂકુળમાંથી સમાજસેવકો પાકે.

સદ્ગતની આ ભાવના હતી અને તેઓ સેવક તરીકે ઓળખાવવામાં માન સમજતા તેમ આ સંસ્થાદ્વારા હુકમ કરનારા સીવીલીયનો કે કર્નલોને બદલે સીપાઇઓ–સેવકો ઉદ્ભવે તેમ ઇચ્છું છું.

મહારાજશ્રીનું કચ્છી લોહી સેવાભાવી અને સાહસિક હતું. તેમણે આ ગુરૂકુળની સ્થિતિ સંગીન બનાવવા પછી કચ્છમાં આવું ગુરૂકુળ જમાવવાની ભાવનાથી ગયા હતા અને વાગડના અજ્ઞાન જૈનોના ઉદ્ધાર અર્થે ભુજ અને અંજાર વચ્ચેના અનુકુળ સ્થળે કચ્છી–ગુરૂકુળ સ્થાપવાને પ્રબંધ કર્યો. મદદના વચનો મળ્યાં પરંતુ કમનસીબે તે ખુલ્લું મૂકવા પહેલાં કાળ કર્યો. તે ભાવનાને હજુ પણ કચ્છી ભાઇઓ અમલમાં મૂકે તેમ ઇચ્છું છું.

ભાઇ દેવચંદ દામજીએ સદ્ગતનો અંગત પરિચય આપ્યો. વિદ્યાર્થી મનસુખલાલે ગુરૂકુળથી થતાં લાભ વર્ણવ્યા. મુનિ શ્રી જ્ઞાનવિજયજીએ સદ્ગતની સેવાની ધગશનો પરિચય વર્ણવ્યો તેમજ કમિટિની કાર્યવાહી માટે સંતોષ વ્યક્ત કર્યો. છેવટે મુનિરાજશ્રી દર્શનવિજયજીએ મુનિશ્રી ચારિત્રવિજયજીનો વધુ પરિચય કરાવતાં જણાવ્યું કે મુંબઈના પ્લેગમાં જ્યારે માણસોનું જીવન હથેલીમાં હતું ત્યારે તેઓશ્રી માંડવી દાણાબંદરમાં નોકરી કરતાં. ત્યાં પેઢીના માણસોમાં પ્લેગે પગપેસારો કર્યો. સાથેના કેટલાક મરણશરણ થયા. તેમને પણ પ્લેગ લાગુ પડ્યો. આ પ્રસંગે આમાંથી બચું તો સાધુ થવું તેવી વાત થઇ ને તેમને આરામ થયો. સાધુ થવાને કચ્છ તરફ ઉપડ્યા. વહાણ–માંથી ઉતરતાં સ્થાનકવાસી સાધુ મળ્યા. પોતે સાધુનો અર્થ સમજતા ન હોવા છતાં સાધુ થવાની વાત મૂકી. મહારાજે સાધુધર્મની કસોટી સમજાવી દીક્ષા આપી. તે મુંબઈથી આવે છે તેમ ખબર મળતાં તેના પિતા બંદરે આવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પુત્ર ન મળવાથી દરીયામાં ફેંકી દીધા હશે તેમ માની અંતિમ ક્રિયા કરી; તે પછી ખબર મળતાં ઉપાશ્રયે આવ્યા ને પુત્રની ભાવના જાણી સંમત આપી.

સદ્ગતમાં કચ્છી સાહસ હતું. તેની ભાવનામાં પ્રખર બળ હતું. તેના વતન પત્રીના પાદરમાં વૃક્ષ ઉગતું નહિ તે જમીનમાં તેમણે ખંતશ્રી વડ વાવીને ઉછર્યો જે આજે પણ છે. ગુરૂકુળના બીજ વાવતાં આજે પણ વૃક્ષ થયું છે તે તેમની પ્રખર ભાવનાનું જ પરિણામ માનું છું. બાળકો તેમના દર્શનથી આગળ વધે અને આજે જેમ ગુરૂકુળમાંથી ચારસો બાળકો ઉંચા દરજ્જે પહોંચ્યા છે તેમ અગ્રગણ્ય શહેરીઓ સાચા જૈનો બને તેવા આશીર્વાદ આપું છું.

આ પ્રસંગે પ્ર. શ્રી લાભવિજયજી મ. મુ. શ્રી રંગવિજયજી, પં. શ્રી પ્રેમ–વિજયજી, ઉ. શ્રી પ્રતાપવિજયજી, મુનિશ્રી અમરવિજયજી, શ્રી મિત્રવિજયજી, શ્રી હેતમુનિજી, શ્રી વસંતવિજયજી, શ્રી લલિતવિજયજી, શ્રી રવિવિજયજી, શ્રી ધરણેંદ્રવિજયજી, શ્રી વિકાસવિજયજી, શ્રી તીર્થવિજયજી, શ્રી હેમન્દ્ર-સાગરજી, શ્રી સુરેન્દ્રસાગરજી, શ્રી ક્ષમાવિજયજી વગેરે મુનિગણ તથા સાધ્વીજી શ્રી કમળશ્રીજી, શ્રી પ્રભંજનાશ્રીજી, ચંદ્રશ્રીજી, રૈવતશ્રી, ચંપકશ્રી, દશનશ્રી, નેમીશ્રીજી, વગેરે સાધ્વી મંડળ, રાવસાહેબ શેઠ રવજીભાઇ સોજપાળ, શેઠ આ. ક. પેઢીના મુનીમ પ્રાણજીવન ભાઈ, ભાવનગર કમિટીના તેમજ સ્થાનિક સંભાવિત ગૃહસ્થોએ આ પ્રસંગે હાજરી આપેલી. ગુરૂકુળના બાળકોએ વાજીંત્રમાં સ્તુતિ સંગીત કર્યું. ગુરૂકુળના બેન્ડે સત્કાર કર્યો અને લેઝીમ તથા લાઠીના પ્રયોગો કરી મેળાવડો પૂર્ણ કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ અને સ્મારક તે સંબંધે થયેલી ગોઠવણો.

આ શતાબ્દિ અને સ્મારક સમિતિના મંત્રી શ્રી મગનલાલ મૂળચંદ શાહ લખી જણાવે છે કેઃ—

વીસમી સદીના પરોપકારી ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી જેઓ શ્રીમદ્ આત્મારામજી મહારાજના નામથી સુપ્રસિદ્ધ છે, તેમની શતાબ્દિનો દિવસ સંવત ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧ મંગળવાર તા. ૨૪-૩-૧૯૩૬ ના રોજ આવતો હોઈ તે પ્રસંગને અનુકૂળ અને કાયમી ગોઠવણ થઈ શકે તેવો પ્રબંધ કરવા માટે ગત ફાગણ શુદ ૧૪ ના રોજ મુંબઈમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિજી** મહારાજના પ્રમુખસ્થાન હેઠળ એક સભા મળી હતી, જે વખતે મુનિશ્રી **ચરણવિજયજી** મહારાજે શ્રીમદ્ આત્મારામજી મહારાજના જીવન સંબંધે અને તેમણે જૈન સમાજ, ધર્મ અને સાહિત્ય વગેરેની જે અનુપમ સેવા બજાવી છે અને ઉપકારો કર્યા છે તે સંબંધે સંપૂર્ણ પ્રકાશ પાડતાં આ મહાન્ આચાર્યની જન્મતિથિનું કાયમી સ્મારક હોવાની આવશ્યક્તા દેખાડી હતી. આવા મહાપ્રતાપી મર્હુમ આચાર્યશ્રીની શતાબ્દિનું સ્મરણ ચિરંજીવ રાખવા માટે એક ફંડ ઉભું કરવા સંબંધે આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિજી** મહારાજ સમક્ષ પરસ્પર ચર્ચા કર્યા પછી નિર્ણય કરવામાં આવ્યો હતો કે જૈનાચાર્ય શ્રી આત્માનંદ શતાબ્દિ સ્મારક સમિતિની સ્થાપના કરવી. આ યોજનાનો લાભ મેળવી સર્વ કોઇ યથાશક્તિ સેવા બજાવી શકે એ હેતુથી ફંડમાં ભરવાની રકમ રૂપીઆ ૧૦૧) ની ઠરાવવામાં આવી અને બને તેટલી સંખ્યામાં આ રકમ ભરી આપનાર ભાઈ-બ્હેનોની પાસેથી ફંડ એકત્રિત કરવા ઠરાવવામાં આવ્યું.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી આ ફંડ સમસ્ત હિંદમાંથી ઉભું કરવાની ગોઠવણ થઈ ચુકી છે અને પાલણપુર, અમદાવાદ, કપડવંજ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, ફલોધી, મીયાગાંમ, ડભોઇ, કાલીઆવાડી અને પંજાબ વગેરે સ્થળે શરૂઆત થઇ ચુકી છે.

**સ્મારક સમિતિ.**

આ કાર્ય માટે જે સમિતિ નીમવામાં આવી છે તેઓનાં નામો નીચે મુજબઃ—શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી, નેમચંદ અભેચંદ ઝવેરી, મોહનલાલ હેમચંદ ઝવેરી, સકરચંદ મોતીલાલ મુળજી, મેઘજી સોજપાળ, મોતીચંદ ગિ. કાપડીઆ, દેવચંદ કલ્યાણચંદ, ડાહ્યાભાઇ નગીનદાસ, ડો. પુનશી હી. મૈશેરી, મોહનલાલ દ. દેશાઇ, ગુલાબચંદ નગીનદાસ કપુરચંદ, નવીનચંદ્ર હેમચંદ, ભીમાજી મોતીજી, મુલચંદ સજમલજી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૉ. નાનચંદ કે. મોદી. આ સમિતિના મંત્રી તરીકે શ્રી મગનલાલ મુલચંદ શાહની નિમણુક કરવામાં આવી છે.

## ફંડનો ઉપયોગ

સાહિત્ય પ્રકાશમાં જ થશે અને તેમાં જૈન ધર્મને લગતી પ્રાચીન, ઐતિહાસિક શોધખોળ ને પુરાતત્ત્વનો સમાવેશ કરવામાં આવશે. એક શતાબ્દિ સ્મારક અંક પ્રસિદ્ધ કરવાની તૈયારી પણ ચાલુ થઇ છે. આ અંકમાં જૈન, જૈનેતર વિદ્વાનોના મહુંમ આચાર્યશ્રીના જીવનના વિવિધ પ્રસંગો અને ગ્રંથોપર પ્રકાશ પાડનાર અને સમાજોપયોગી વિદ્વન્માન્ય લેખોનો સંગ્રહ પ્રકટ કરવાની ઉમેદ રાખવામાં આવી છે. આ ફંડને એકત્રિત કરી કેન્દ્રસ્થ બનાવવામાં આવે ત્યાંસુધી મેસર્સ રાયચંદ મોતીચંદની કંપની અને મેસર્સ મોતીલાલ મુલજી ખજાનચી તરીકે કાર્ય કરશે અને એક સારી બેંકમાં નાણાં રોકી તેનો વહીવટ કમીટીની સલાહ મુજબ કરશે.

સ્મારક સમિતિની સભા તા. ૩-૪-૩૫ ના રોજ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઓફિસમાં મળી હતી અને સમિતિનું બંધારણ ઘડી કાઢી મંજુર કરવામાં આવ્યા ઉપરાંત ફંડ પેટા-સમિતિ, પ્રચાર પેટા-સમિતિ, સ્મારક ગ્રંથ પેટા-સમિતિ આદિ સમિતિઓ નીમવામાં આવી હતી તેમાં ઉત્સાહી અને વિદ્વાન બંધુઓની નીમણુક કરવામાં આવી હતી. તથા આ કાર્ય માટે જ્યાં જ્યાં નાણા વસુલ થયા હોય તે મંગાવી લેવા તથા બીજું કારોબારી કામ ચલાવવા જરૂરી ખર્ચ કરવાની સત્તા સેક્રેટરીને આપવામાં આવી.

## ભરાયેલા નાણાં

શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી જેમણે પોતા ઉપરાંત પોતાનાં બંધુઓ રતનચંદ રાયચંદ, વીરચંદ રાયચંદ, નાનચંદ રાયચંદ વિગેરે તથા પોતાના પિતા શેઠ રાયચંદ મોતીચંદ અને પોતાના સ્વર્ગસ્થ ધર્મપત્નીના નામે મળી કુલ ૭ નામના રૂ. ૭૦૭) નોંધાવ્યા. ઉપરાંત શેઠો હેમચંદ અમરચંદ, નવીનચંદ્ર હેમચંદ્ર, નેમચંદ અભેચંદ, મોહનલાલ હેમચંદ, મોતીચંદ ગિ. કાપડીઆ, મોહનલાલ દ. દેશાઇ, ડૉ. નાનચંદ કે. મોદી, મોતીલાલ મુલજી, કકલભાઈ બી. વકીલ. હરગોવનદાસ હરજીવન, જુઠાલાલ નથુભાઇ, ભોગીલાલ રીખવચંદ, રાયચંદ નાનચંદ, ચુનીલાલ વીરચંદ, જીવણલાલ પનાલાલ, ભગવાનલાલ પનાલાલ, મોહનલાલ પનાલાલ, મણીભાઇ ચુનીલાલ, મુલચંદ સજમલ, કેશવલાલ નાનચંદ, કાંતિલાલ બકોરદાસ. હીરાલાલ ભોગીલાલ શાહ. તથા મગનલાલ મુલચંદ શાહ મલી કુલે ૩૦ સભ્યો દરેકે રૂ. ૧૦૧) નોંધાવ્યા છે. ફંડનું કામ ચાલુ છે.

લી૦ સેવક.

જૈનાચાર્ય આત્માનંદજી શતાબ્દિ
સ્મારક સમિતિ.
૧૪૯, શરાફ બજાર. મુંબઈ ૨.

M. M. Shah.
ઓનરરી સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

१ निरयावलियाओ—

સંપાદક એ. એસ. ગોપાણી એમ. એ. બરોડા–કોલેજ અર્ધમાગધી ટીચર–વડોદરા } વી. જે. ચોકસી બી. એ. અર્ધમાગધી–ટીચર ગુજરાત-કોલેજ

આ કોલેજમાં ટેકસ બુક તરીકે ચાલતા અર્ધમાગધી ગ્રંથો પૈકી આ પાંચમું ઉપાંગ સૂત્ર છે. તેનું ટ્રાન્સલેસન, નોટસ, ગ્લોસરી, એપેનડાઇઝ અને ફુટનોટ સાથે સંપાદક વિદ્વાનોએ આ ગ્રંથ અભ્યાસીઓને અભ્યાસક્રમમાં સુગમ પડે તે રીતે તૈયાર કર્યો છે. પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. તેના પ્રકાશક **ગુર્જરગ્રંથ રત્ન કાર્યાલય** શંભુભાઇ જગશી શાહ છે. પ્રકાશક તરીકે તેઓ વિવિધ સાહિત્યના ગ્રંથો પ્રકટ કરી સાહિત્યસેવા ઠીક રહે છે. કિંમત રૂા. ૩–૦–૦ કંઇ વધારે છે. તે આવા ગ્રંથો માટે ઓછી રાખવાની જરૂર છે.

૨ **સામાયિકના પ્રયોગો**––લેખક વીરનંદી લાલન. આ ગ્રંથની સમાલોચના પ્રથમ લેવાઇ ગયેલ છે છતાં પ્રકાશક શંભુલાલ જગશી ગુર્જરગ્રંથરત્ન કાર્યાલયનું આ લઘુ છતાં ઉપયોગી આ પ્રકાશન પાંચમી વાર હોવા છતાં કેટલાક સુધારાવધારા આપેલા છે તે આ ગ્રંથનું અવલોકન કરતાં જણાય છે. કિંમત પાંચ આના યોગ્ય છે. બંને મળવાનું સ્થળ પ્રકાશકને ત્યાં ગાંધી રોડ–અમદાવાદ છે.

૩ **ગુલામ**—"**સત્ય પ્રકાશ**" અને **સ્વદેશ** પેપરની સં. **૧૯૯૧** ની ભેટ. પ્રકાશક **કુંવરજી કેશવજી** શાહ ચિંચપોકલી, મુંબઈ. આ બુકમાં બે પાત્રો, સ્મૃતિ, અભિશાપ, પાપ અને ગુલામ પાંચ કથાઓ છે. એ પાંચમી કથા ઉપરથી બુકનું નામ ગુલામ રાખવામાં આવ્યું છે. તે પ્રખ્યાત લેખક ઠક્કુર શ્યામજી તેલવાળા લખી છે. આવી ટુંકી વાર્તા ગુજરાતી સાહિત્યમાં જલદી જલદી આગળ વધે છે અને તેને માટે નવી દિશા ઉઘડી છે. ઘણા વર્તમાન પત્રો જેમ દિવાળીના અંકો કાઢે છે તેમ અઠવાડિક, માસિકો વગેરે ભેટની બુકો પણ પ્રકટ કરે છે. હાલ વાંચનનો શોખ પ્રજામાં વધતો જાય તેવા સંયોગમાં પ્રજાને આકર્ષે તેવું સાહિત્ય પ્રકટ કરવું તે સહેલું નથી, છતાં આ ગ્રંથમાં આપેલ પાંચે નવલ-કથા લેખકે વાચકોને આકર્ષે તેવી સાદી અને સરલ રીતે લખી છે. પાંચે કથાઓમાં મનુષ્ય જીવના જુદા જુદા પ્રસંગોનું વર્ણન સચોટ અને આબેહૂબ આપ્યું છે. લેખક સાહિત્ય રચે પરંતુ તેની સફળતાનો નિર્ણય તો વાચક જ કરી શકે. ગમે તેમ પણ આ લેખકે આ પાંચે કથાઓમાં સાંસારિક જીવનના જુદા જુદા રંગો પુર્યા છે તેમ કહી શકાય. વાંચવા જેવી આ બુક છે. એમ અમારે કહેવું જોઇએ.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું. —ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝના નવા ગ્રંથો.

### ॥ શ્રી વીતરાગ સ્તોત્ર તથા મહાદેવ સ્તોત્ર. ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત (ઉપરોક્ત મહાપુરૂષની શતાબ્દિની શરૂઆત તરીકે) આ માંગલિક બે ગ્રંથો પ્રથમ મૂળ સંસ્કૃત ભાષામાં પ્રગટ થયેલ છે. તેના સંપાદક આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય શ્રી **ચરણવિજયજી** મહારાજ છે. તેનું બરાબર શુદ્ધ રીતે સંશોધન વિદ્દ્વર્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજે કરેલ છે. વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ રૂપે વીશ પ્રકાશ (પ્રકરણ) ગુંથ્યા છે. કુમારપાળ મહારાજા નિમિત્તે જ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ સ્તુતિરૂપ ગ્રંથ રચેલ હોવાથી કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠી આ સ્તોત્રનો પ્રથમ પાઠ કરતા હતા.

બીજો ગ્રંથ આ સાથે મહાદેવ સ્તોત્ર જોડેલો છે. તેમાં દેવનું સ્વરૂપ, મહાદેવ કોને કહેવા, કોણ હોઈ શકે ? આ બે સ્તોત્રોની પાછળ આ મહાન આચાર્યશ્રીની કૃતિ તરીકે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** તથા **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** એ બત્રીશી આપવામાં આવી છે. આ એકજ ગ્રંથમાં ચારેનો સમાવેશ કરેલો છે. ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાવી સુંદર બાઇંડીંગ કરાવેલ છે. સર્વ કોઈ લાભ લઇ શકે તે માટે માત્ર નામની બે આના કિંમત રાખેલ છે.

---

પ્રાકૃત ભાષાના અભ્યાસીઓને માટે—

### શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ પુસ્તક બીજું.

## ॥ प्राकृत व्याकरणम् ॥

### કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત.

### (અષ્ટમાધ્યાય પાઠ) સવિસ્તર ધાતુ પાઠ સહિત.

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ એ છ ભાષાના નિયમો મૂળ સૂત્રરૂપે આ ગ્રંથમાં રચયિતા મહાત્માએ સારી રીતે બતાવ્યા છે. આ વ્યાકરણની અંતે સવિસ્તર પ્રાકૃત ધાત્વાદેશ અકારાદિ ક્રમથી આપ્યો છે એટલે અભ્યાસીઓને કંઠાગ્ર કરવાની સરળતા પડે માટે પ્રથમ સંસ્કૃત ધાતુ અને પછી પ્રાકૃત સૂત્રના સપાદ અંક એ એક પૃષ્ઠમાં ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલ મૂળ સૂત્રો અને તેના નિયમો એવી સરસ રીતે આપેલ છે કે અલ્પ પ્રયાસે કંઠાગ્ર થતાં વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ રીતે મૂળ સૂત્રરૂપે આ પ્રથમ વખતજ આ ગ્રંથ પ્રગટ થાય છે. તે આખો ગ્રંથ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તપાસેલ હોવાથી શુદ્ધ રીતે સુંદર શાસ્ત્રી ટાઈપથી નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળો ઉપર પોકેટ નાની સાઇઝમાં પ્રગટ થયેલ છે. સર્વ કોઇ લાભ લઇ શકે માટે આટલા મોટા ગ્રંથની માત્ર ચાર આનાજ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

### શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ ગ્રંથ ત્રીજો.

### શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર.

### (શ્રી હેમચંદ્રાચાર્યકૃત મૂળ) છપાય છે. જલદી નામ નોંધાવો.

For Private And Personal Use Only